# ઠંડીમાં એકાએક ઘટાડો વસાહતીઓને રાહત

### લઘુત્તમ તાપમાનમાં એક જ રાતમાં ૪ ડિગ્રી તાપમાન વધ્યું : ઘણા દિવસથી આકરી ઠંડીમાં હુંઠવાઈ રહેલા વસાહતીઓએ હાશકારો અનુભવ્યો

ગાંધીનગર, તા.૧૦

છેલ્લા ઘણા દિવસોથી ખૂબ જ આકરી ઠંડીમાં જકડાયેલા વસાહતીઓને રાહત મળી છે. લઘુત્તમ તાપમાનમાં એક જ દિવસમાં ૪ ડિગ્રી જેટલો વધારો થતાં ઠંડીમાં સારો એવો ઘટાડો થયો છે.

છેલ્લા એક દોઢ મહિનાથી વસાહતીઓ ઠંડીથી હેરાન પેરશાન થઈ ચુકયા હતા. ઉત્તર ભારતમાં ગગડી ગયેલા તાપમાનની સીધી અસર તળે ગુજરાતમાં ઠંડીએ આકરું સ્વરૂપ ધારણ કર્યું હતું. વસાહતીઓને દિવસ રાત ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવું પડતું હતું. વસાહતીઓ આકરી ઠંડીથી ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. લઘુત્તમ તાપમાન છેલ્લા ઘણા દિવસોથી એક આંકડામાં નોંધાતા આકરી ઠંડીની અસર જનજીવન પર પણ જોવા મળી હતી.

ઠંડો પવન સતત ફુંકાઈ રહ્યો હતો જેના કારણે વસાહતીઓ ઘરના બારી બારણાં પણ ખોલી શકતા ન હતા. હજુ ગઈ કાલે જ લઘુત્તમ તાપમાન ૭.૮ ડિ.સે. જેટલું નોંધાયું હતું. જો કે આજે અચાનક જ મહત્તમ તાપમાનમાં સારો એવો વધારો થતાં વસાહતીઓએ ઘણા દિવસો બાદ રાહત મેળવી છે. ઠંડા પવનો પણ એકદમ ઓછા થઈ ગયા છે. જનજીવન જાણે પુનઃ ધબકતું થયું હતું. મહત્તમ તાપમાન પણ ૨૭.૨. ડિ.સે. નોંધાતા દિવસ સારો એવો હુંફાળો રહ્યો હતો. સવારે શાળાએ જતાં બાળકોને ખૂબ રાહત મળી હતી. ઘણા દિવસોથી ઘરની અંદર પુરાઈ રહેલા નગરજનો ઘરની બહાર નીકળી શકયા હતા. જો ઉત્તરભારતમાં હિમવર્ષા નહીં થાય તો આવું જ વાતાવરણ જળવાઈ રહેશે તેવું હવામાન વિભાગે જણાવ્યું છે.

# ગિરનાર શિવરાત્રી કુંભમેળા-૨૦૧૯નું ભવ્ય આયોજન કરાશે

ગાંધીનગર, તા. ૧૦

રાજ્ય સરકારે આગામી શિવરાત્રી દરમ્યાન ૨૭ ફેબ્રુઆરીથી ૪ માર્ચ દરમ્યાન ગિરનાર શિવરાત્રી કુંભમેળાના ભવ્ય આયોજન માટે ૧૫ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં મળેલી આ મેળાના આયોજન અંગેની બેઠકમાં તેમણે આ વિગતો આપી હતી. આ વર્ષે મેળો સામાજિક સમરસતાની થીમ સાથે ઉજવાશે એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

એટલું જ નહીં સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી સ્વચ્છતા ઝુંબેશ-કુંડ-દીનાળાની સફાઈ- મેરેથોન દોડ - પર્વતારોહણ સ્પર્ધા - સ્પિરિચ્યુઅલ વૉકના નવા આકર્ષણો પણ મેળામાં જોડવામાં આવશે. મુખ્યમંત્રીએ જુનાગઢના આ મેળાને પ્રયાગરાજમાં યોજાતા કુંભમેળા



સમકક્ષ મિની કુંભમેળા તરીકે યોજવાની નેમ સાથે ગુજરાતના અધિકારીઓની એક ટીમ જાત માહિતી માટે ત્યાં મોકલી હતી.

આ ટીમના સૂચનો ધ્યાનમાં લઈને ગિરનાર કુંભમેળો ભવ્ય બનાવવા વિજયભાઈ રૂપાણીએ માર્ગદર્શન આ બેઠકમાં આપ્યું હતું.

મેળામાં સંપૂર્ણ સ્વચ્છતા જળવાય તેમજ સરકારી ભવનો ઉપર કુંભમેળાને અનુરૂપ ચિત્રો - સુશોભન - એલ.ઈ.ડી. લાઈટ્સ હાઈ માસ્ટ મુકવામાં આવે.

આ મેળાના દિવસો દરમિયાન ગિરનાર પર્વતની દિવાલ ઉપર લેસર શૉ - ફૂલો અને કલરની રંગોળી પણ કરવામાં આવશે. આ કુંભમેળામાં મોટી સંખ્યામાં આવનારા સંતો માટે સંત સંકલન સમિતિ વિશ્વંભર ભારતી બાપુ અને શેરનાથ બાપુ સાથે પરામર્શમાં રહીને રચવાનું પણ બેઠકમાં તય થયું હતું.

મેળામાં આવનારા શ્રદ્ધાળુઓ માટે વધુ સંખ્યામાં બસ ફાળવણી કરવા સાથે આ મેળો ભવ્ય- સ્વચ્છ અને આધ્યાત્મિક ભાવનાનું આગવું પ્રતીક બને તેવા આયોજન માટે મુખ્યમંત્રીશ્રીએ તાકીદ કરી હતી. તેમણે દર વર્ષે મેળામાં યોજાતી રવેડીને બેન્ડ-રાસમંડળીઓ-હાથી ઘોડા સાથે વધુ ધામધૂમપૂર્વક યોજવા વિષયે પણ પ્રેરક સૂચનો કર્યા હતાં.

આ બેઠકમાં યાત્રાધામ વિકાસ રાજ્યમંત્રી વિભાવરીબહેન દવે, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાસનાથન, અગ્ર સચિવ એમ. કે. દાસ તથા વન, પ્રવાસન અને શહેરી વિકાસના અગ્રસચિવો તેમજ વરિષ્ઠ અધિકારીઓ, જૂનાગઢ મહાનગરપાલિકાના મેયર-કમિશનર-જીલ્લા કલેક્ટર તેમજ પૂજ્ય વિશ્વંભર ભારતી બાપુ, શેરનાથ બાપુ અને અન્ય અગ્રણીઓ પણ જોડાયા હતાં.

# રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ''સંચારની શાશ્વત કળા'' પુસ્તકનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાત સરકારના વરિષ્ઠ અધિકારી ડૉ. ધીરજ કાકડીયા



લિખિત ''મહાત્માઃ એ ગ્રેટ કોમ્યુનિકેટર'' અંગ્રેજી પુસ્તકનું અનુવાદિત ગુજરાતી પુસ્તક ''મહાત્મા ગાંધી'' સંચારની શાશ્વત કળા''નું ગાંધીનગરમાં વિમોચન કર્યુ હતું.

મુખ્યમંત્રીએ કહ્યું કે તત્કાલિન યુગમાં ટીવી, ઈન્ટરનેટ, સોશિયલ મિડીયા જેવા માધ્યમો ન હોવા છતાં પણ મહાત્મા ગાંધીએ આઝાદીની ચળવળ અને સ્વરાજ્ય માટેના સંદેશની જાગૃતિ આગવી કોમ્યુનિકેશન સૂઝથી વિકસાવેલી.

તેમણે પ્રવર્તમાન યુગમાં આધુનિક મિડીયા સંચાર માધ્યમોના વ્યાપક ઉપયોગ વચ્ચે ડૉ. કાકડીયાનું આ પુસ્તક યુવા પેઢીને પૂરાતન પ્રચાર-સંચાર માધ્યમોની અસરકારકતાથી અવગત કરાવશે તેવી અપેક્ષા પણ વ્યકત કરી હતી.

ગાંધીજીના પૌત્રીના પૌત્રી ડૉ. સોનલબહેન પરીખે આ પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે અને નવજીવન પ્રેસ દ્વારા પ્રકાશિત કરાયું છે. સંચારના એક શાશ્વત સાધન તરીકે ''આત્મિક પ્રત્યાયન''માં ગાંધીજીની નિપુણતાને ઉજાગર કરતા આ પુસ્તકમાં વિવિધ ચિન્હો દ્વારા પણ સંદેશ પ્રસાર કેવી રીતે થતો હતો તેનું હૂબહૂ વર્ણન કરાયું છે.

મનોરંજન વિભાગના ભૂતપૂર્વ કમિશનરને હાલ ગ્રામીણ વિકાસ વિભાગમાં વિશેષ નિદેશક તરીકે ફરજ બજાવતા લેખક ડૉ. ધીરજ કાકડીયાએ કહ્યું કે પુસ્તક એ મારા પીએચડીના શોધનિબંધની નિષ્પતિ છે.

આ પુસ્તકની પ્રસ્તાવના ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ, ભારતરત્ન ડૉ. એમ. જે. અબ્દુલ કલામે લખી છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ મહાત્મા ગાંધીની ચૌદ જેટલી અનોખી ચેષ્ટાઓ એક અનૌપચારિક મુલાકાતમાં વર્ણાવી હતી જેને લેખકે આ પુસ્તકમાં હૂબહૂ રજુ કરી છે.

# પાટણ જિલ્લા એનએસયુઆઈ પ્રભારી તરીકે અમિત પારેખની વરણી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામના યુવા નેતા અને ગુજરાત



એનએસયુઆઈના પ્રદેશ મહામંત્રી અમિત પારેખની ગુજરાત એનએસયુઆઈમાં ખુબ જ સારી કામગીરી કરવા બદલ પાટણ જિલ્લા એનએસયુઆઈના પ્રભારી તરીકે નિમણુંક કરવામાં આવી છે. આ નિમણુંક થતા એનએસયુઆઈ કાર્યકરોમાં હર્ષની હેલી પ્રસરી જવા પામી છે. તેમજ રાજયભરના કાર્યકરો દ્વારા અમિત પારેખની વરણીને લઈ શુભેચ્છા સહ અભિનંદન પાઠવી રહ્યા છે.ત્યારે આ પ્રસંગે એનએસયુઆઈના પ્રદેશ મહામંત્રી અમિત પારેખે જણાવ્યું હતું કે ગુજરાત પ્રદેશ એનએસયુઆઈના પ્રમુખે તેમજ કોંગ્રેસ પક્ષ સહિત સંગઠને મારા પર વિશ્વાસ મુકી મને જે મહત્વની જવાબદારી સોંપી છે તે બદલ આભાર વ્યકત કરુ છું. તેમજ મારામાં વિશ્વાસ રાખીને જે જવાબદારી સોંપી છે તેને નિષ્ઠા અને પ્રમાણીકતાથી કામ કરી યોગ્ય રીતે નિભાવીશ તેવો વિશ્વાસ અને ખાતરી આપુ છુ તેમ જણાવ્યું હતું.



ગાંધીનગર જિલ્લાના લેપ્રેસી વિભાગ દ્વારા ચરેડી છાપરા વિસ્તારમાં હાઉસ ટુ હાઉસ લેપ્રેસી અંગેનો સર્વે કરવામાં આવ્યો હતો. આ હાઉસ ટુ હાઉસ સર્વે દરમિયાન સર્વેની ટીમને પાંચ શંકાસ્પદ કેસ જોવા મળ્યા હતા. જેમાં લેપ્રેસીનો એક કેસ પોઝીટીવ જોવા મળ્યો હતો. અને આ કેસને તપાસ અંતે સારવાર માટે મોકલેલ છે.

# ભૂકંપપ્રુફ મકાનની ડિઝાઈન બનાવનાર ૮ યુવા આર્કિટેક્સને ઈન્ટરનેશનલ એવોર્ડ

ગાંધીનગર, તા. ૧૦

વર્લ્ડ બેન્ક, યુનાઈટેડ નેશન્સ-યુએન હેબિટાટ, એર બીએનબી, જીએફડીઆરઆર (ગ્લોબલ ફેસિલિટી ફોર ડિઝાસ્ટર રિડક્શન



એન્ડ રિકવરી) અને બિલ્ડ એકેડેમી દ્વારા ભૂકંપ, પૂર સહિતની કુદરતી આફતનો પ્રતિકાર કરી શકે તેવા મકાનની ડિઝાઈન કરવાની સ્પર્ધામાં અમદાવાદની સેપ્ટ યુનિવર્સિટીમાંથી પાસઆઉટ આઠ આર્કિટેક્સની ટીમ 'કમ્પાર્ટમેન્ટ એસ૪'ને વિજેતા જાહેર કરવામાં આવી છે. ૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ના આવેલા વિનાશક ભૂકંપ અને તેની વિનાશક અસરોને ધ્યાનમાં રાખીને આ ડિઝાઈન તૈયાર કરી છે.

આ સ્પર્ધામાં વિશ્વના ૧૨૦ દેશના ૩૦૦૦થી વધુ આર્કિટેક્સે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધકોએ તૈયાર કરેલી ડિઝાઈન સાથે એવી પણ શરત મુકવામાં આવી હતી કે જેનો ઉપયોગ કરીને મજૂરીના, મટિરિયલના અને માલની હેરફેર કરવાના ખર્ચ સાથે ૧૦,૦૦૦ અમેરિકી ડોલરમાં ઘરનું બાંધકામ થઈ જવું જોઈએ. ભૂકંપના ઝોન-પમાં આવતા ઉત્તરકાશી, ઉત્તરાખંડના પર્વતીય વિસ્તારને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલી છે. ડિઝાઈમાં સ્થાનિક વિસ્તારમાં તેને માટેની સામગ્રી અને ટેકનોલોજી આસાનીથી મળી શકે છે તથા આ સામગ્રીને નાની પિકઅપ વાનમાં લઈ જઈ શકાય તેમ છે. તેની મદદથી ડિઝાઈન કરેલ મકાનના કન્સ્ટ્રક્શનનો ખર્ચ ૫૫૦૦ અમેરિકી ડોલર સુધી સીમિત કરી શકાય છે.

અમદાવાદની બિલ્ડ એકેડેમી એવોર્ડ વિજેતા બનેલી ટીમના સભ્યોમાં અમન અમીન, કિશન શાહ, ક્રિષ્ણા પરીખ, માનુની પટેલ, મોનિક શાહ, નિશિતા પરમાર, પ્રાસિક ચૌધરી અને વેદાન્તી અગરવાલનો સમાવેશ થાય છે. અમદાવાદની આર્કિટેક્સની ટીમના સભ્યોનું કહેવું છે કે દર વરસે વાવાઝોડા, હીટવેવ, ભૂકંપ અને પૂર જેવી કુદરતી આફતોને વિશ્વના કરોડો લોકો જાન ગુમાવી રહ્યા છે અથવા તો તેની ગંભીર અસરનો ભોગ બની રહ્યા છે. કુદરતી આફતોને કારણે છેલ્લા ૨૩ વર્ષ દરમિયાન દુનિયામાં કુલ ૪.૧ અબજ લોકો ઘરવિહોણા બન્યા છે અથવા તો ઈજા પામ્યા છે. માનવ જીવનને તથા અર્થતંત્રને થતા નુકસાનને ઓછુ કરવા માટે કઠિન પરિસ્થિતિમાં ટકી શકે તેવા ઘર બાંધવા કે પછી તૈયાર કરવા માટે બિલ્ડ એકેડેમી, વર્લ્ડ બેન્ક ગ્રુપ, એર બીએનબી, જીએફડીઆરઆર અને યુએન-હેબિટાટ પ્રયાસ કરી રહી છે. આ માટે તેઓ આર્કિટેક્સ અને એન્જિનિયર્સની સેવાઓ લઈ રહ્યા છે. તેમની પાસેથી સારામાં સારી ડિઝાઈન તૈયાર કરાવડાવી રહ્યા છે. ખાસ કરીને આ ડિઝાઈન થકી ઘરની મજબૂતીની ગુણવત્તા અંગેની સમસ્યાનો ઉકેલ મળી શકે તે માટેના પ્રયાસો કરી રહી છે.



## મેનેજમેન્ટના વિદ્યાર્થીઓને કોર્પોરેટ વર્લ્ડ માટે તાલીમ અપાઈ

ગાંધીનગરની જયરામભાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ ખાતે વિદ્યાર્થીઓને કોર્પોરેટ વર્લ્ડમાં પડકાર ઝીલવા સુસજ્જ કરવાના હેતુથી ખાસ તાલીમ આપવાના ભાગરૂપે એસજેપીઆઈ લેકચર સીરીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લેકચર સીરીઝમાં વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ સ્કીલ, બોડી લેંગ્વેજ તથા ગૃપ ડિસ્કશન વગેરેને આવરી લેવાયા હતા. સમગ્ર લેક્ચર સીરીઝમાં વિવિધ વિષયના તજજ્ઞો દ્વારા તાલીમ અપાઈ હતી. જેમાં પ્રો. યશ ભટ્ટ, પ્રો. રાજયગુરૂ, ડૉ. રાઠોડનો સમાવેશ થાય છે. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના ડાયરેક્ટર ડૉ. બી.કે નિર્મલના માર્ગદર્શન હેઠળ ડૉ. ઉર્વી અમીનના સંકલન સાથે સંપન્ન થયો હતો.

# ગુજકેટ પરીક્ષા ૩૦ માર્ચના બદલે ચોથી એપ્રિલે લેવાશે

ગાંધીનગર,તા.૧૦

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ માટે લેવામાં આવતી ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ)ની પરીક્ષાના સમયમાં ફેરફાર કરાયો છે. જે મુજબ, હવે આ પરીક્ષા તા.૩૦ માર્ચના બદલે તા.૪થી એપ્રિલના રોજ લેવાશે. ગુજકેટની પરીક્ષા સવારે ૧૦ થી સાંજે ૪ વાગ્યા દરમ્યાન લેવામાં આવશે. ગુજકેટની આ પરીક્ષા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પ્રવર્તમાન કોર્સ આધારિત હશે. ગુજકેટની પરીક્ષાનાં આવેદનપત્રો ભરવા માટે સૂચનાઓ તથા કોર્સની માહિતી પુસ્તિકા ઓનલાઈન મૂકવામાં આવશે. આવેદનપત્ર તથા પરીક્ષા ફી રૂ.૩૦૦ ઓનલાઈન ભરવાની રહશે. ગુજકેટની આ કસોટી કુલ ત્રણ માધ્યમમાં લેવામાં આવશે. જેમાં ગુજરાતી, અંગ્રેજી અને હિન્દીનો સમાવેશ થાય છે.

ધો-૧૨ સાયન્સના ત્રણેય ગ્રુપ એ, બી અને એબીના વિદ્યાર્થીઓ આ કસોટી આપી શકે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત વર્ષે તા. ૨૩ એપ્રિલને ડિગ્રી એન્જિનિયરી અને ડિગ્રી-ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની ગુજકેટની કસોટી લેવામાં આવી હતી. જેમાં સમગ્ર ગુજરાતમાં ૧,૩૬,૧૧૮ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા.

## કોડ સૌ પુરા કર્યા...

● ત્રીજા પાનાનું ચાલુ

બન્યા અને પછી એકબીજાની સાથે લગ્નગ્રંથીથી જોડાવવાના કોડ જાગ્યા. અહિ આ દરમ્યાન ભાર્ગવીના પિતા ઉદયભાઈએ ફોનમાં નિશાંત સાથેના ફોટોગ્રાફસ જોયા તો માતા તેનુ ખાનુ સાફ કરતી હતી ત્યારે ફોટા મળી આવ્યા અને દિકરીને હકીકત પુછી દિકરીએ આખી વાત માંડીને કરી. માતા-પિતાને લગ્ન માટે સમજાવ્યા અને માની ગયા.

બસ હવે લગ્નના દિવસે જે લેંઘા-ચોલી પહેરવાની છે તેના પર અંધજન શાળાના બાળકોએ દોરેલા ચિત્રોનું સ્ક્રીન પ્રિન્ટીંગ કરાવી પહેરવી છે તેવા કોડ માતા રેખાબેન અને પિતા ઉદયભાઈ, ધૈર્ય સમક્ષ વ્યક્ત કર્યા.

અંધજન મંડળની શાળાના સંચાલકો સાથે વાતચીત કરી અને કોડ પુરા થતા હોય એમ થોડીક રકઝક પછી તેની મંજૂરી પણ મળી ગઈ.

આજે અમદાવાદ વસ્ત્રાપુર ખાતે અંધજન મંડળના ૪૦ થી ૫૦ વિદ્યાર્થીઓએ ચિત્રો તેણીની લેંઘા-ચોલી માટે દોર્યા. તેમાં આ બાળકોને ત્રણ વિષય અપાયા હતા. ફૂલ, તમે બાળકો મોટા થઈ કેવા દેખાશો અને કુદરતી દશ્યો હતા. બે કલાક સુધી આ બાળકોએ ચિત્રો દોર્યા. બાળકોને ચિત્રો દોરવા માટે પેન્સીલ, ડ્રોઈંગ શીટ્સ અને કલર ઉદયભાઈ પાંભર પરિવારે પુરા પાડ્યા.

આ બાળકો સાથે પ્રિતીભોજન પણ માણ્યુ. રેખાબેન-ઉદયભાઈએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે અમારી ભાર્ગવીના લગ્નમાં આ બાળકો મોસાળ પક્ષના સગા તરીકે અમે નિમંત્રવાના છીએ. એટલુ જ નહિ આ બાળકોને લાવવા લઈ જવા અને મુકવા સુધીની વ્યવસ્થા પણ કરીશુ.

આ પાછળનો હેતુ અમારો અંધજન બાળકોના સાચા અર્થમાં બ્રાન્ડીંગ કરવાનો છે એટલુ જ નહિ આ બાળકો એ સમાજની મૂડી છે તે પણ અમે સમાજ સમક્ષ રજુ કરવા માંગીએ છીએ. દિકરી મારી રૂડી એ જ છે અમારી મૂડી ને સાર્થક કરવા અમે તેના લગ્ન પણ તેની પસંદગીના દિકરા સાથે અને એક અનોખો કોડ પૂરો કરીને કરવા માંગીએ છીએ.

ઉદયભાઈ પાંભર એ આમ તો ગાંધીનગરમાં વસતા સૌરાષ્ટ્ર લેઉઆ પાટીદાર સમાજના અગ્રણી દેવજીભાઈ પાંભરના પુત્ર છે. તેઓ પોતે પણ આર્કીટેક છે તેમજ ઉદ્યોગજગતની સાથે સંકળાયેલા છે.

ભાર્ગવી એ ગુરૂકુળ અને હિલવુડમાં શાળાકીય શિક્ષણ મેળવ્યુ છે તો કર્ણાટકમાંથી બેચલર ઓફ આર્કીટેકની ડિગ્રી પ્રાપ્ત કરી માસ્ટર ડિગ્રી સેપ્ટમાંથી લીધી અને હાલ ત્યાં જ સેવાઓ આપી રહી છે.

નિશાંત એ આઈઆઈએમ લખનૌનો વિદ્યાર્થી અને હાલ મુંબઈમાં લોઢાવાલા કંપનીમાં મેનેજર તરીકે સેવાઓ આપે છે. માતા રેખાબેન આમ તો સમર્પણ મેડીટેશન સાથે સંકળાયેલા છે. સ્ટ્રેટ્સ ફ્રી થવા માટે નિશુલ્ક ધ્યાન શિબિર ચલાવે છે.

## ધમકીભર્યા ફોન...

● ત્રીજા પાનાનું ચાલુ

સાંભળીને પુંજાભાઈ વંશે પોતે જ તે કોલ કટ કરી દીધો હતો. ત્યારબાદ એક કલાક પછી ફરી એ જ નંબર ઉપરથી ફોન આવ્યો તે ફોન પણ પુંજાભાઈ ઉપાડ્યો નહી. સાડા દશ વાગ્યે પણ ફોન આવ્યો પણ ઉપાડ્યો નહી. ત્રીજી તારીખે ત્રણ ફોન આવ્યા બાદ બીજા દિવસે ચોથી તારીખે ફરી તેના ફોન આવવાના શરૂ થઈ ગયા હતા પરંતુ પૂજાભાઈએ આ 'પ્રાઈવેટ નંબર' પરથી આવતા ફોન પછી ઉપાડ્યા જ નહીં. ધારાસભ્ય પુંજાભાઈ વંશ આ મામલે અરજી લખીને ઉના જતા રહ્યા હતા અને ગઈકાલે ગાંધીનગર શહેરના સેક્ટર-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ કરવા આવ્યા હતા. પ્રાઈવેટ નંબર ધારક દ્વારા સતત ફોન કરીને બિભત્સ ગાળાગાળી કરી હોવાને કારણે આ પ્રાઈવેટ નંબર ધારક પોતાની શારીરિક કે અન્ય રીતે નુકસાન કરે તેવી ભીતિ હોવાને કારણે ધારાસભ્ય પુંજાભાઈએ પોલીસ ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને અજાણ્યા પ્રાઈવેટ નંબર ધારકને પકડી પાડવા તજવીજ શરૂ કરી છે. જોકે ફરિયાદમાં પુંજાભાઈ વંશે કોઈ વ્યક્તિઓ પર શંકા વ્યક્ત કરી નથી. જેને પગલે પોલીસે કોલ ડિટેઈલ્સ મંગાવીને તેનો સાચો મોબાઈલ નંબર મેળવવા અને આરોપી સુધી પહોંચવા કાર્યવાહી હાથ ધરી છે.

## વિજિલન્સનો દરોડો...

● ત્રીજા પાનાનું ચાલુ

ઘણા સમયથી પ્રાથમિક શાળાની પાછળના ભાગે ઓએનજીસીના કુવાથી થોડે આગળ બાવળની ઝાડીઓમાં જુગારનો અડ્ડો ચાલતો હોવાની બાતમીને આધારે અશોક ઠાકોરના જુગારના અડ્ડા પર ગઈ સાંજે સ્ટેટ મોનિટરિંગ સેલે (વિજિલન્સ) દરોડો પાડ્યો હતો. આ દરોડામાં વરલી અને ક્લબ બંને ધમધમતુ હોવાનુ બહાર આવ્યુ છે. આદરજ મોટી ગામના જુહા રામાજી ઠાકોર અને પેથાપુરની શ્રીનાથ સોસાયટીમાં રહેતા કૈલાશ મદનસિંગ તેલવા બંને શખ્સો વરલી મટકાની સ્લીપ સાથે પકડાઈ ગયા હતા. તો બીજી તરફ આદરજ મોટી ગામના મેલા સનાજી ઠાકોર, અડાલજના મહાદેવના વાસમાં રહેતા મહેન્દ્ર ચુનીલાલ બારોટ, અડાલજની રોયલ સોસાયટીમાં રહેતાં હિતેશ મનોહરલાલ શર્મા, વાવોલની કિર્તીધામ સોસાયટીમાં રહેતો અલ્પેશ દેવાભાઈ બ્રહ્મભટ્ટ અને સેક્ટર-૨૪ના ઈન્દીરાનગર છાપરામાં રહેતો મણી દેવાભાઈ માળીયા મળીને પાંચ શકુનીઓ ખુલ્લેઆમ બાજી માંડીને બેઠા હતા જે વિજિલન્સની ટીમના હાથે ઝડપાઈ ગયા હતા. જુગારનો અડ્ડો ચલાવતો કોલવડાનો જ અશોક કેશાજી ઠાકોર ફરાર છે. સ્ટેટ મોનિટરિંગ સેલે અડ્ડા પરથી રૂ.૩૧,૨૯૦ રોકડ, રૂ.૬૫૦૦ની કિંમતના ૫ મોબાઈલ, ૩૦ હજારની કિંમતનું એક સ્કૂટી તથા વરલી મટકા તેમજ જુગારનું સાહિત્ય મળી કુલ રૂ.૬૭,૭૯૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી લીધો છે. સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા ઝડપાયેલા સાત અને મુખ્ય સુત્રધાર અશોક મળી કુલ ૮ શખ્સો સામે પેથાપુર પોલીસ મથકમાં જુગારધારાના કલમ હેઠળ ગુનો દાખલ કરી તેની વધુ તપાસ હવે પેથાપુર પોલીસ મથકના પીએસઆઈને સોંપાઈ છે.

## દેશ-દુનિયાના...

● ત્રીજા પાનાનું ચાલુ

સેન્ટરનું બિઝનેસ ક્લબ, બ્રિગેડ ગ્રુપ હોટેલ, હીરામની સિગ્નેચર અને એટીએસ સેવી જેવા વિવિધ પ્રોજેક્ટ દ્વારા ગિફ્ટ સિટી ખરા અર્થમાં એક સ્માર્ટ સિટી બનીને ઉભરશે.

આ તમામ સંકુલની વ્યવસ્થિત રીતે જાળવણી થાય અને પર્યાવરણને કોઈ વધારાનું નુકસાન ના થાય એ રીતે અહીં પાણી, વીજળી, વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, કુલિંગ સિસ્ટમ, યુટીલીટી ટનલ યોગ્ય પદ્ધતિથી વિકસાવવામાં આવ્યા છે. જ્યારે અહીં મોટા પ્રમાણમાં કામ ચાલતું હોય ત્યારે સલામતી પણ એટલી જ જરૂરી બને છે એ માટે પણ અહીં ૨૪ કલાક સુરક્ષા કર્મીઓ હાજર રહે છે. આજે ગણી એવી મોખરે કંપનીઓ એ ગિફટ સિટીમાં પોતાનું સ્થાન લઈ લીધું છે. રાજ્યના વિકાસમાં ગિફટ સિટી એક આગવું મહત્વ ધરાવે છે. હાલમાં પણ ઘણા કોલ સેન્ટર અને વિવિધ કંપનીઓ ગિફટ સિટીમાં કાર્યરત છે અને ગાંધીનગર, અમદાવાદના યુવાનોને રોજગારી મળી રહી છે. નજીકના ભવિષ્યમાં જો આ પ્રોજેક્ટ ધાર્યા પ્રમાણે પૂર્ણ થશે તો એ સમગ્ર રાજ્યના વિકાસમાં ઉત્તમ ફાળો નોંધાવશે.

## રસ્તા ખુલ્લા કરાયા...

● ત્રીજા પાનાનું ચાલુ

ઉભી થતી હતી. ટ્રાફિકની સમસ્યા પણ શિરદર્દ સમાન બની હતી. ગુડા દ્વારા આ ટી પી વિસ્તારમાં રસ્તાઓ ખુલ્લા કરી માર્ગ નિર્માણની કામગીરી પણ પુર્ણ કરી દેવામાં આવી છે.

જયારે રાંદેસણમાં પણ ટી પી ૫ ના મુખ્યમાર્ગનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે અન્ય ૧૮ અને ૧૨ મીટરના રસ્તાનુ કામ તબક્કાવાર હાથ ધરાશે. જયારે સરગાસણમાં પણ રસ્તાનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. કોબા ગાંધીનગર હાઈવેને અનુલક્ષીને સર્વિસ રોડ પરની અડચણો પણ દુર કરી દેવામાં આવી છે. જયારે આ માર્ગ બંધ હતો તે પણ ધમધમતો થઈ ગયો છે. કબજાની લેવડ દેવડનો મામલો પુર્ણ કરી વાઈબ્રન્ટ પુર્વે માર્ગનુ કામ પુરુ કરી દેવાતા હવે ટ્રાફિકની અવરજવરમાં સરળતા રહેશે.

## સંત સમુદાય...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુનાવણી વારંવાર ટળવાના મુદ્દે પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, કોર્ટ જ્યારે પણ ચુકાદો આપશે ત્યારે તેનો અમે સ્વિકાર કરીશું. વહેલીતકે ચુકાદાને લઈને અમે કોર્ટમાં દરમિયાનગીરી કરવા ઈચ્છુક નથી. સંતોએ રામ મંદિર ઉપર તારીખ પર તારીખ મળવાને લઈને નારાજગી વ્યક્ત કરી છે. સુનાવણી ટાળવાની આ પ્રક્રિયાને લઈને હવે સંત ૩૧મી જાન્યુઆરી અને બીજી ફેબ્રુઆરીએ નિર્ણય કરશે. આજે સુનાવણી શરૂ થતાંની સાથે જ મસ્જિદના વકીલ રાજીવ ધવને જસ્ટિસ યુયુ લલિતની બેંચમાં સામેલ હોવાને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે, એક સમયે અયોધ્યા સાથે જોડાયેલા મામલામાં તેઓ વકીલ તરીકે રહી ચુક્યા છે.

## આલોક વર્મા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પેનલની બેઠક બુધવારના દિવસે પણ મળી હતી. આલોક વર્માએ આજે પાંચ મોટા અધિકારીઓની બદલી કરી દીધી હતી. સીબીઆઈની અંદર વિવાદ ત્રણ મહિનાથી ચાલી રહ્યો હતો. કોંગ્રેસી નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે તેઓએ મામલામાં સીવીસીના તપાસ રિપોર્ટ સહિત કેટલાક દસ્તાવેજો માંગ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આલોક વર્માને સમિતિ સમક્ષ હાજર થવાની તક મળવી જોઈએ. આલોક વર્મા અને રાકેશ અસ્થાના વચ્ચે ખેંચતાણ લાંબા સમયથી ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સીબીઆઈ વિરુદ્ધ સીબીઆઈ મામલે ચાલી રહેલા કેસ મામલે મંગળવારના દિવસે કેન્દ્ર સરકારને મોટો ફટકો પડ્યો હતો. કારણ કે સુપ્રીમ કોર્ટે સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્માને ફરી સીબીઆઈ વડા બનાવ્યા હતા.

## મુક્તિમર્યાદા...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરનાર કંપનીઓને રિટર્ન ભરવામાં પણ રાહત આપી છે. કમ્પોઝિશન સ્કીમમાં જનારને ટેક્સ દર ત્રીજા મહિનામાં આપવા પડશે પરંતુ રિટર્ન વર્ષમાં એક વખત ફરી શકાશે. કમ્પોઝિશન સ્કીમ સાથે જોડાયેલા બંને નિર્ણય નવા નાણાંકીય વર્ષની પ્રથમ તારીખ એટલે કે પહેલી એપ્રિલ ૨૦૧૯થી લાગૂ થશે.

## સુનાવણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

બંધારણીય બેંચની રચના કરી હતી. સાથે સાથે સુનાવણી ૧૦મી જાન્યુઆરીના દિવસથી હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે આજે પણ સુનાવણી ટળી ગઈ હતી. આઠમી જાન્યુઆરીના દિવસે રચવામાં આવેલી બંધારણીય બેંચનુ નેતૃત્વ ચીફ જસ્ટીસ રંજન ગોગોઈને સોંપવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત બેંચમાં ચાર જજ જસ્ટીસ એએ બોબ્ડે, જસ્ટીસ એનવી રમન્ના, જસ્ટીસ યુયુ લલિત અને જસ્ટીસ ડીવાય ચન્દ્રચુડ સામેલ હતા. હવે લલિત નિકળી ગયા છે. જેથી ફરી બેંચની રચના કરવામાં આવનાર છે. અગાઉ સુપ્રીમ કોર્ટે રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ જમીન વિવાદ પર ચોથી જાન્યુઆરીના દિવસે ફરી એકવાર સુનાવણી ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દીધી હતી. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન હાઉસફુલની સ્થિતિ રહી હતી. પગ મુકવાની પણ જગ્યા ન હતી. સીજેઆઈની સામે આ મામલો આવતાની સાથે જ સેંકડોના ગાળામાં જ સુનાવણીને ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દીધી હતી. તે પહેલા વર્ષો જુના અયોધ્યા વિવાદ કેસના મામલામાં સુનાવણી સુપ્રીમ કોર્ટે ૨૯મી ઓક્ટોબરના દિવસે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી ટાળી દીધી હતી. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં રચવામાં આવેલી બેંચે અયોધ્યા વિવાદ મામલામાં સુનાવણી જાન્યુઆરી ૨૦૧૯ સુધી ટાળી દીધી હતી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસના નેતૃત્વવાળી બેચમાં સંવેદનશીલ અયોધ્યા રામ મંદિર-બાબરી મસ્જિદ જમીન વિવાદના મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જો કે ટુંકા ગાળામાં જ મામલાની સુનાવણીને ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.